॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ : ૧૩ ઑગસ્ટ સપ્ટેમ્બર - ૧૯૯૨ અંક - ૨

## વાલીઓને,

ઘણાં વાલીઓ એ વાતનો આનંદ વ્યક્ત કરે છે કે શાળાની આજુબાજુની કોઇ ખાદ્યપદાર્થની લારીમાંથી ખાવાની વસ્તુઓ વિદ્યાર્થીઓને લેવા દેવામાં આવતી નથી.

વિદ્યાર્થીઓ ઘેરથી જ નાસ્તો લાવે અને નિરાંતે રિસેસમાં તેઓ તે નાસ્તો કરે તેવો અમારો આગ્રહ હોય છે. પરંતુ એવું જોવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ રિસેસમાં નાસ્તા માટે થોડી મિનિટો ફાળવીને બાકીનો સમય દોડાદોડીમાં કાઢે છે. આને લીધે નિરાંતે નાસ્તો કરનારને પણ મુશ્કેલી ઉભી થાય છે. કેટલાક વિદ્યાર્થીઓ તો ઉભા ઉભા ડબ્બો હાથમાં રાખીને પણ નાસ્તો કરતાં હોય છે. થોડાક ગ્રુપને વ્યવસ્થિત નાસ્તો કરતાં જોઇને આનંદ થાયછે.

નાસ્તામાં પણ તળેલો નાસ્તો લાવવા કરતાં પૌષ્ટિક નાસ્તો હોય એવી અપેક્ષા છે. રોટલી શાક, રોટલી છુંદો, ભાખરી, ગોળ, છુંદો, પોતાની રૂચિ મુજબ લાવે તે માટેનો અમારો આગ્રહ ખરો. ઘેર બનાવેલી સેન્ડવીચ જેવી વિવિધતા સાથે નાસ્તો પોષણયુક્ત હોય તેવી અપેક્ષા.

બજારૂ નાસ્તામાં વપરાતી ચીજ વસ્તુઓમાં કેટલી ભેળસેળ થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. આમ છતાં છડે ચોક બરફના ગોળામાં કે કુલ્ફીઓમાં વપરાતાં રંગો કેટલાં હાનીકારક હોય છે, તેની સમજ આપવા છતાં બાળક તેની લાલચમાંથી મુક્ત રહી શકે તેમ માની શકાતું નથી. આ જોખમમાંથી બાળકને કેવી રીતે મુક્ત કરી શકાય તે પ્રશ્ન તો છે જ. બહારની ખાદ્ય વાનગીઓ ભેળસેળ અને આરોગ્યની દ્રષ્ટિએ યોગ્ય ભાગ્યે જ હોય છે તે સમજ બાળકને વારંવાર આપવી પડશે.

શાળા છૂટયા બાદ નજીકના પાર્લરોમાં આઇસ્ક્રીમ માટે સંખ્યાબંધ વિદ્યાર્થીઓને ઉભેલા જોઇને આજથી જ કરકસર માટેનો આગ્રહ રાખવાની ટેવમાંથી વિદ્યાર્થીઓને મુક્તિ આપવામાં આવી હોય તેવું લાગ્યા વિના નથી રહેતું. આપના બાળકને પૈસો વાપરવા માટે તમે આપો તે જો તમારો પ્રેમ સૂચવે છે તો તેને કેવી રીતે વાપરવા તે નહીં શીખવવામાં આવે તો જવાબદારીનો અભાવ જ માનવો રહ્યો. સૌને ગંભીરતાથી આ પ્રશ્ન લેવા વિનંતી.

દિનુભાઇના વંદન.

## વ્યક્તિત્વ વિકાસમાં અવરોધ ''ચાલશે''

''મમ્મી જો તો ખરી ! હું શું લાવ્યો છું તે ?'' આજે માલવ ખૂબ ઉત્સાહમાં હતો કારણ સ્કુલનાં સ્થાપના દિન નિમિત્તે તેમના વર્ગનાં વિદ્યાર્થીઓ માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. મમ્મીને પરિપત્ર આપતાં જ તેના મગજમાં અનેક તર્ક શરૂ થયાં.

''મમ્મી હું શું બનું ? ટીપુ સુલતાન ? અર્જુન ? ભીમ ? ડૉક્ટર ? સૈનિક ?... મમ્મી તું તો કહે !''

પણ મીતાબેન કાંઇ જુદી જ દ્વિધામાં હતા. દીકરો ફેન્સી ડ્રેસમાં ભાગ લે તેવી તો તેમની ઇચ્છા હતી જ પણ તે સાથે એની તૈયારીની કેટલી જવાબદારી તે ઉપાડી શકશે તે પ્રશ્ન પણ તેમની સમક્ષ ઉભો હતો.

માલવ બાલમંદિરમાં ભણતો હતો ત્યારે તેમણે તેને શાકવાળાનું પાત્ર શીખવ્યું હતું. વેશભૂષા એવી, એનો ટોપલો, એનાં ત્રાજવા બધું જ એવું લઇ આવ્યાં હતાં, બરાબર શાકવાળાની જેમજ બોલતાં પણ શીખવ્યું હતું ને એ પાત્ર માલવે એટલું સાહજીકતાથી અને આબેહૂબ રીતે ભજવ્યું હતું કે તે ઇનામ મેળવી શક્યો હતો, અને એટલે જ ફરી આવી તક મળતાં તેનાં આનંદ અને ઉત્સાહને કોઇ જ સીમા ન હતી પણ મીતાબેનના પક્ષે એ ઉત્સાહ અને આનંદમાં થોડી ઓટ આવી ગઇ હતી.

''ટીપુ સુલતાન બનવું છે ? એ કોણ માથાકૂટ કરે ? ડ્રેસ લાવો ને પાછો પાછા આપવા જવો, ડૉક્ટર બને તો વળી પાછું સ્ટેથોસ્કોપ ને બધું ક્યાંથી લાવીશું ?''

'તો મમ્મી સૈનિક બનું તો !''

'અરે..એના ય ડ્રેસની તો પાછી કડાકૂટ ખરીને ! કોણ જાણે ક્યાંથી આ બધું ઊભું કરો છો ? હું તો હવે થાકી જાઉં છું. મારાથી નથી પહોંચાતું, હું તો ઘરનું કરું કે આ તમારી પાછળ દોટ કાઢું ? નાના હતાં ત્યારે બહુ દોડી.. હવે ક્યાં સુધી પહોંચાય ! એમ કર.. ગાંડાનું પાત્ર ભજવી નાંખ, પેલું ફાટેલું પેન્ટ છે તે ! ને એક શર્ટ બાંય નાખ્યા વિના પહેરી લેજે. ગાંડાની એક્ટિંગમાં કશું શીખવવું ય નહીં પડે ને એમ બધું જ પતી જશે...''

નાનકડો માલવ મમ્મીની વાતથી સંતોષ માની ગયો ને ગાંડાનું પાત્ર ભજવવાનાં આનંદમાં રાચવા લાગ્યો પણ જ્યારે એણે એ પાત્ર ભજવ્યું ત્યારે ન તો એની વેશભૂષાને દાદ આપી શકાય તેમ હતું કે ન એનાં અભિનયને, પણ એની મમ્મીને સંતોષ હતો કે ''ચાલો એક કામ પત્યું..''

બાળકના વિકાસમાં આ 'ચલાવવાની' આ 'કામ પતાવવાની' વડીલોની વૃત્તિ કેવી અવરોધ બનીને ઉભી રહી જાય છે ! બાળક એ તો માબાપનાં હૃદયનો ટુકડો છે. તેનું હિત, તેની પ્રગતિ તેની રગેરગમાં વ્યાપેલાં હોવા જોઇએ અને તેને માટે બાળક ગમે તેટલા પ્રયત્નો કરે પણ

(અનુસંધાન પાન -૨ કોલમ -૧)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૪-૮-૯૨નાં રોજ સંસ્થાનો સ્થાપનાદિન ઉમંગભેર ઉજવવામાં આવ્યો. નાનકડાં બાળકોએ રંગબેરંગી વેશભૂષામાં સજ્જ થઇ હાથમાં રંગબેરંગી ફુગ્ગા લઇ દમામભેર સંગીત સાથે કૂચ કરી, ત્યારબાદ બાલરથીનું સ્વાગત થયું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પધારેલ શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના વાલી શ્રી નયનભાઇ દવેએ ભાવપૂર્ણ રીતે બાલરથીઓનું આભિવાદન કરી બાલપૂજન કર્યું ત્યારબાદ બાળકોએ ગરબા નૃત્ય વિ. રજૂ કર્યાં અને છેલ્લે સૌ બાળકોએ મગસ અને ચેવડાનો નાસ્તો કરી સ્થાપનદિનની ઉજવણી પરિપૂર્ણ કરી.

તા. ૨૦-૮-૯૨નાં રોજ જન્માષ્ટમી નિમિત્તે તાલીમ મંડળીનાં બાળકોએ કૃષ્ણજીવનનાં પ્રસંગો જેવાં કે કૃષ્ણજન્મ, નંદ ઉત્સવ, માખણચોરનો પ્રસંગ, નાગદમન અને રાસલીલા ખૂબ ભાવવાહી રીતે રજૂ કર્યાં.

તા. ૨૯-૮-૯૨નાં રોજ બાલમંદિર બ વિભાગનાં બાળકોએ 'મીની-ઝૂ'ની મુલાકાત લીધી અને ત્યાં પ્રાણીઓને જોઇ ખૂબ આનંદ માણ્યો.

**-: વાલીઓને ખાસ વિનંતી :-**

હવેથી દર શનિવારે બાલમંદિર ૧૦-૧૫ વાગે છૂટશે તો બાળકને સમયસર લઇ જવાની વ્યવસ્થા કરવા વાલીઓને ખાસ વિનંતી.

**અભિનંદન**

તાલીમ વિભાગમાં ભણતી કુ. નાજુક શાહે તા. ૨૧-૬-૯૨નાં રોજ યોજાયેલ તરણસ્પર્ધામાં ફ્રી સ્ટાઇલ (ટયુબ સાથે) બીજું ઇનામ તથા ૧૫-૮-૯૨નાં રોજ યોજાયેલ ઇન્ટર કલબ એકવેટીક ચેમ્પીયનશીપમાં બીજું ઇનામ મેળવ્યું છે તે માટે બ્હેન નાજુકને અભિનંદન.

---

(અનુસંધાન પાન -૧ કોલમ -૨)

માબાપનું યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન અને મદદ પણ એટલા જ જરૂરી છે, ને એવાં જ તબક્કે જો આપણે 'હવે થાકી ગયાં' 'ચાલશે' એવું મનોવલણ ધરાવીશું તો એના વ્યક્તિત્વનાં વિકાસનુ શું ?.. ઔપચારિક શિક્ષણ, પરીક્ષામાં સારાં માર્કસ એટલે થી જ વાલી તરીકેની આપણી ફરજ પૂરી થાય છે તેમ સંતોષ માનીશું તો બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થઇ શકશે ખરો ?..

ઊર્મિલા શાહ

ગુલાબ તું છે સુંદર
પણ રહે કાંટાની અંદર,
માનવ તું બુદ્ધિનો ભંડાર
પણ સપડાય દુઃખની અંદર
છતાંય શોધે સુખ નિરંતર

નેવિલ ખંધડિયા (૭અ)

## શિશુમંદિર

**ચૂંટણી :** તા. ૧-૮-૯૨નાં રોજ મહામંત્રીની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં નીચેનાં વિદ્યાર્થીઓ ચૂંટાયેલા જાહેર થયાં, તે માટે તેમને અભિનંદન

| | | | |
|---|---|---|---|
| ભાઇઓ :- | મહામંત્રી - | નીરવ શાહ | (૭ બ) |
| | ઉપમંત્રી - | વિવેક દવે | (૭ ક) |
| બહેનો | મહામંત્રી - | શાલ્વી મહેતા | (૭ ક) |
| | ઉપમંત્રી - | રૂચિ સોપારકર | (૭ બ) |

ઇતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે આંતરગૃહ નેતા તથા ઉપનેતાઓની પસંદગી કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| રત્નદીપ | ભાઇઓ | નેતા | નિલય ઓઝા | (૭ અ) |
| | | ઉપનેતા | પાવક શાહ | (૭ બ) |
| | બહેનો | નેતા | ભૂમિ વ્યાસ | (૭ બ) |
| | | ઉપનેતા | જયની દેસાઇ | (૭ ક) |
| મેઘનાદ | ભાઇઓ | નેતા | રીકીન શાહ | (૭ અ) |
| | | ઉપનેતા | કેતુલ શાહ | (૭ બ) |
| | બહેનો | નેતા | શાલ્વી શાહ | (૭ અ) |
| | | ઉપનેતા | હીરલ શાહ | (૭ બ) |
| ધવલગિરિ | ભાઇઓ | નેતા | પૂજન ઘોડાદ્રા | (૭ ક) |
| | | ઉપનેતા | માલવ શુકલ | (૭ ક) |
| | બહેનો | નેતા | પાયલ શાહ | (૭ ક) |
| | | ઉપનેતા | પૂજા શ્રોફ | (૭ ક) |
| ગંગોત્રી | ભાઇઓ | નેતા | નિલય ઓઝા | (૭ અ) |
| | | ઉપનેતા | પાવક શાહ | (૭ અ) |
| | બહેનો | નેતા | પલક ત્રિવેદી | (૭ બ) |
| | | ઉપનેતા | રૂચિતા બલર | (૭ અ) |

**સ્થાપના દિન :** તા. ૪-૮-૯૨ના રોજ શાળાનો સ્થાપનાદિન ઉજવાયો જેમાં ધોરણ ૫, ૬, ૭ માટે વર્ગ સુશોભન સ્પર્ધા, ધોરણ ૪ માટે વેશભૂષા સ્પર્ધા રાખવામાં આવી.

**વર્ગ સુશોભન સ્પર્ધા :**

પ્રથમ ધોરણ ૭ બ ★ દ્વિતીય ધોરણ ૬ અ ★ તૃતીય ધોરણ ૫ અ

**વેશભૂષા સ્પર્ધા**

| | | | |
|---|---|---|---|
| ધો. ૪ અ | પ્રથમ | શાહ નિસર્ગ | દાદાજી |
| | દ્વિતીય | શાહ કિંજલ | ઝાંસીની રાણી |
| | તૃતીય | શાહ જીમી | જોકર |
| ધો. ૪ બ | પ્રથમ | કોન્ટ્રાકટર જય | માયકલ જેકસન |
| | દ્વિતીય | ત્રિવેદી શિવાની | આયા |
| | તૃતીય | પરીખ ભાવન | મદારી |
| | તૃતીય | વૈદ્ય કાનન | મોર્ડન સાસુ |
| ધો. ૪ ક | પ્રથમ | ઠાકોર ફેનીલ | સાસુજી |
| | પ્રથમ | પુજારા મુકેશ | સ્વામીનારાયણ સ્વામીજી |
| | દ્વિતીય | શાહ ક્યવન | છાપું |
| | તૃતીય | એન્જીનીયર વેદસ | ટીપુ સુલતાન |

વિજેતા ભાઇબહેનોને અભિનંદન

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સેવા આપવા બદલ શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. દિપાલી વસા તથા શ્રી પ્રીતીબેન મહેતા તરફ આભારની લાગણી વ્યક્ત કરું છે.

**આંતર ગૃહ રાખડી સ્પર્ધા : તા. ૨૭-૮-૯૨**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | શાહ નેહા | (૭ ક) | રત્નદીપ |
| દ્વિતીય | દેસાઇ અનાર | (૬ ક) | ગંગોત્રી |
| તૃતીય | શાહ શિમોલી | (૭ અ) | મેઘનાદ |
| | શાહ નમ્રતા | (૭ ક) | રત્નદીપ |

**આંતરગૃહ સુલેખન સ્પર્ધા તા. ૫-૯-૯૨**

| | | | | |
|---|---|---|---|---|
| ગુજરાતી | પ્રથમ : | ઉપાધ્યાય ક્રીષ્ના | (૭ ક) | મેઘનાદ |
| | દ્વિતીય : | પટેલ માસુમ | (૭ ક) | ધવલગિરિ |
| | દ્વિતીય : | શાહ નેહા | (૭ ક) | રત્નદીપ |
| | તૃતીય : | રાવ ચિંતન | (૬ ક) | ગંગોત્રી |
| | તૃતીય : | ઠક્કર રાજસી | (૭ બ) | રત્નદીપ |

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા :-**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ : | મહેતા શાલ્વી | (૭ ક) | ગંગોત્રી |
| દ્વિતીય : | શાહ બીજલ | (૭ ક) | મેઘનાદ |
| તૃતીય : | શાહ જાનકી | (૭ બ) | મેઘનાદ |
| તૃતીય : | પટેલ કૃપા | (૭ બ) | રત્નદીપ |

**હિન્દી સુલેખન સ્પર્ધા :-**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ : | ગોસલિયા ચિંતન | (૭ બ) | ગંગોત્રી |
| દ્વિતીય : | શાહ જલ્પા | (૭ બ) | ધવલગિરિ |
| તૃતીય : | રાજા નમ્રતા | (૭ ક) | મેઘનાદ |

વિજેતા ભાઇ બહેનોને અભિનંદન

તા. ૨-૯-૯૨નાં રોજ ધોરણ ૧ થી ૪ ના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી, વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો.

તા. ૧૭-૮-૯૨ નાં રોજ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જયંતી નિમિત્તે શ્રી મેઘાણીના જીવન અને કવન વિષે માહિતી આપતા વકતવ્યો રજૂ થયાં અને વિદ્યાર્થીઓએ સ્વ. મેઘાણીના કાવ્યોનું ગાન કરી તેમને ભાવભરી અંજલિ આપી.

તા. ૨૦-૮-૯૨ નાં રોજ ધોરણ ૫ થી ૭ નાં વિદ્યાર્થી ભાઇ બહેનોએ શ્રીકૃષ્ણના જીવન પ્રસંગોને રજૂ કરતી નૃત્યનાટિકા, રાસ, ગરબા, વિ. ભાવપૂર્ણ રીતે રજૂ કર્યાં. ધોરણ ૧ થી ૪ નાં ભાઇ બહેનોએ આ નિમિત્તે રાસ ગરબા તથા ધૂન વગેરે રજૂ કરી આખાય ઉત્સવને ખૂબ ઉલ્લાસભેર ઉજવ્યો.

તા. ૨૮-૮-૯૨નાં રોજ મહાવીર જન્મ વાચન દિન નિમિત્તે જૈન સ્તવન તથા ભક્તિગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ભાવસભર બની તેમાં ભાગ લીધો.

**અભિનંદન :-**

એલીસબ્રીજ જીમખાના તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ, ચેમ્પીયનશીપમાં ટ્રોફી મેળવવા બદલ તથા રૌપ્યચંદ્રક મેળવવા બદલ બ્હેન રાજવી પ્રશાંતભાઇ શાહ (૩ ક)ને અભિનંદન ઉપરાંત અમદાવાદ મિલીટરી એન્ડ રાયફલ એસોશીયેશનનાં ઉપક્રમે યોજાયેલ ફ્રી સ્ટાઇલ અને બટર ફલાય તરણસ્પર્ધામાં પ્રથમ આવી બે સુવર્ણચંદ્રક તથા બેક સ્ટ્રોક અને બ્રેસ્ટ સ્ટોકમાં દ્વિતીય આવી બે રૌપ્યચંદ્રકો મેળવવા બદલ બ્હેન રાજવી શાહને અભિનંદન.

**નિબંધ સ્પર્ધા :** અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા તરફથી યોજાયેલ નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ઇનામ રૂ. ૫૧/- મેળવવા બદલ ચિ. રૂચિ સોપારકરને (૭ બ) ખૂબ ધન્યવાદ.

## વિનયમંદિર

તા. ૨૨-૭-૯૨ નાં રોજ ગૌરીવ્રત નિમિત્તે ધોરણ ૮ તથા ૯ની બહેનોએ વિવિધ ગરબા સુંદર રીતે રજૂ કર્યાં.

તા. ૪-૮-૯૨નાં રોજ સંસ્થાનો સ્થાપના દિન ઉજવાઇ ગયો. જેમાં ધો. ૮, ૯ ના વિદ્યાર્થી ભાઇબહેનોએ ઉત્સાહપૂર્વક સુંદર રીતે નાટક, નૃત્ય, ગરબા, ગીતો તથા સમૂહગીતો રજૂ કર્યાં.

તા. ૮-૯-૯૨નાં રોજ શહીદદિન નિમિત્તે સંસ્થાના નિયામક, માનનીયશ્રી દિનુભાઇ દવેએ, ૧૯૪૨ની ચળવળના અમદાવાદનાં સંસ્મરણો ભાવવાહી રીતે રજૂ કર્યા અને એ દિવસનું મહત્ત્વ સમજાવ્યું, સાથે રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત વિષેની માહિતી પણ વિદ્યાર્થીઓને ખૂબ સરસ રીતે આપી.

જન્માષ્ટમી નિમિત્તે આચાર્યશ્રી દેવેન્દ્રભાઇ ઠાકરે 'કૃષ્ણાવતાર'નું મહત્ત્વ સમજાવતાં પ્રસંગો વિષે માહિતી રજૂ કરી.

તા. ૧૨ અને ૨૬મી ઑગસ્ટનાં રોજ સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી આસુતોષ દેસાઇએ ''કૈલાસ-માન સરોવર''નાં બે સુંદર સ્લાઇડ શો રજૂ કર્યાં.

૨૧, ૨૨, ૨૩ ઑગસ્ટનાં રોજ ધો. ૯ અને ૧૦નાં ૬૫ જેટલા વિદ્યાર્થીઓને હિંગોળગઢ મુકામે 'વર્ષાઋતુ શિબિર'માં ઉત્સાહથી ભાગ લીધો, જેમાં તેમણે પ્રકૃતિના ખોળે કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો. સંસ્થાના જે કાર્યકરોએ આ કાર્યક્રમ સફળ બનાવ્યો તેમને અભિનંદન.

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાઓની પસંદગી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | ભાઇઓ | શાહ સાગર (૯ ક) | નેતા |
| | બહેનો | દવે ચિદ્રુપિણી (૯ અ) | નેતા |
| | ભાઇઓ | શાહ રીકેન (૯ ક) | ઉપનેતા |
| | બહેનો | શાહ સેજલ (૯ ક) | ઉપનેતા |
| ગીતગોવિંદ | | | |
| | ભાઇઓ | ધ્રુ નિધિશ (૯ અ) | નેતા |
| | બહેનો | તેલી પલક (૯ ક) | નેતા |
| | ભાઇઓ | શાહ કુંતલ (૯ બ) | ઉપનેતા |
| | બહેનો | વ્યાસ રૂપા (૯ ક) | ઉપનેતા |

**પદ્મપુકુર**

| | | | |
|---|---|---|---|
| | ભાઈઓ | દલાલ સમર (૯ અ) | નેતા |
| | બહેનો | શાહ વિરાજ (૯ ક) | નેતા |
| | ભાઈઓ | ભટ્ટ વિશાલ (૯ અ) | ઉપનેતા |
| | બહેનો | ભટ્ટ આનલ (૯ અ) | ઉપનેતા |
| **ચંદ્રમૌલિ** | | | |
| | ભાઈઓ | વ્યાસ સાત્વિક (૯ ક) | નેતા |
| | બહેનો | કોન્ટ્રાકટર આનન (૯ અ) | નેતા |
| | ભાઈઓ | ઠાકરસી પ્રિયાંક (૯ ક) | ઉપનેતા |
| | બહેનો | પાલખીવાળા ભૈરવી (૯ બ) | ઉપનેતા |

શાળામાં બે પુસ્તક મેળા યોજાઇ ગયાં , ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી અને તા. ૭, ૮, ૯ ઑગસ્ટનાં રોજ 'ઘડતર' સંસ્થા તરફથી, વિદ્યાર્થીઓએ તેમાં ઘણો ઊંડો રસ લઇ રસપૂર્વક પુસ્તકોની ખરીદી કરી. આ પુસ્તકમેળામાં વિદ્યાર્થીઓનાં ઉત્સાહ અને પ્રતિભાવ પરથી પ્રતીતિ થઇ કે તેમને નવું નવું જાણવાની જીજ્ઞાસા છે, અને ઇતરવાંચનમાં ઊંડો રસ પણ છે, અને એટલે તેમને સંસ્કારી અને શિષ્ટ સાહિત્ય પૂરું પાડવું એ આપણી ફરજ બની રહે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ફેબ્રુઆરી ૧૯૯૨માં લેવાયેલ પ્રખરતાશોધ કસોટીમાં નીચેના વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ ઇનામ મેળવે છે તે માટે તેમને અભિનંદન.

| | | | | |
|---|---|---|---|---|
| ફોઝદાર મિલોની | (ધો. ૮) | અંગ્રેજી | દ્વિતીય | રૂ.૫૫૦/- |
| દલાલ સમર | (ધો. ૮) | અંગ્રેજી | છઠ્ઠું | રૂ. ૩૫૦/- |
| દવે ચિદ્રુપિણી | (ધો. ૮) | અંગ્રેજી | દસમુ | રૂ. ૧૫૦/- |
| વ્યાસ આશિષ | (ધો. ૯) | ગણિત | ચોથું | રૂ. ૪૫૦/- |
| કાપડીયા વિશાલ | (ધો. ૯) | અંગ્રેજી | દસમું. | રૂ. ૧૫૦/- |

The Indian Association of The Experiment in International Living ના ઉપક્રમે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં શાહ ભાર્ગવી અજયભાઇ (૧૦ બ) ને પ્રથમ ઇનામ રૂ. ૨૦૦/- તથા વ્યાસ મિલન હસમુખભાઇ (૧૦ બ) ને દ્વિતીય ઇનામ રૂ. ૧૦૦/- મેળવવા બદલ અભિનંદન.

**અભિનંદન**

માર્ચ ૧૯૯૨માં લેવાયેલ ન્યુ. એસ. એસ. સી. પરીક્ષામાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી પટેલ ચિન્મય પ્રવિણભાઇને સ્વ. શ્રી કલ્યાણભાઇ ગાંધીના સ્મરણાર્થે રૂ. ૧૫૧/-નું ઇનામ મળે છે.

માર્ચ ૧૯૯૨માં લેવાયેલ એચ. એસ. સી. પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર કુ. તોરલ ઝુમખાવાલાને સ્વ. પ્રકાશભાઇ પંડિતનાં સ્મરણાર્થે રૂ. ૧૫૧/-નું ઇનામ મળે છે, તથા વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર શોધન નિરજને, શ્રી નિમિષ શાહ તરફથી રૂ. ૧૫૧/-નું ઇનામ મળે છે તે માટે સૌ વિદ્યાર્થી ભાઇ બહેનોને અભિનંદન.

## શેની ખોટ

**સૂકા આકાશમાં ઘેરાયાં વાદળાં**
**વીજળીની ખોટ છે,**
**કાળા આકાશમાં ચમકી છે વીજળી**
**ગડગડાટની ખોટ છે,**
**કાળા આકાશમાં ગડગડે છે વાદળાં**
**વર્ષારાણીની ખોટ છે,**
**કાળા આકાશેથી પધાર્યા વર્ષારાણી**
**મોરલાના ટહુકાની ખોટ છે,**
**મોરલાના ટહુકાથી આવ્યા વર્ષારાણી**
**બાળકના હાસ્યની ખોટ છે,**
**બાળકના હાસ્યથી આવ્યા વર્ષારાણી**
**હવે મારે તે શેની ખોટ છે ?**

રીકીન શાહ (૭-અ)

**દિવાળી વેકેશનની સંભવિત તારીખો** : તા. ૨૧-૧૦-૯૨ થી તા. ૮-૯-૯૨ જાહેર થઇ છે. પરંતુ તા. ૧૦-૧૧-૯૨નાં રોજ ગુરૂનાનક જયંતી હોઇ તા. ૯-૧૧-૯૨ આકસ્મિક રજા મૂકીને નવા સત્રમાં શાળા તા. ૧૧-૧૧-૯૨ નાં રોજ ખુલશે તેની નોંધ લેવા વિનંતી.

**શ્રદ્ધાંજલિ**

શાળામાં વર્ષો સુધી એકધારી સંન્નિષ્ઠ સેવા આપનાર ડ્રાયવર ભાઇ જગન્નાથ જાદવનું તેમના વતનમાં તા. ૨૮-૭-૯૨નાં રોજ દુઃખદ અવસાન થયું છે તેની નોંધ લેતાં દુઃખની લાગણી અનુભવું છું ઇશ્વર સદગતનાં આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક** : દિનુભાઇ દવે, આચાર્ય અને નિયામક, શારદા મંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
**મુદ્રણ સ્થળ** : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮